ANCHOR STORY | PANEL DISCUSSION

સોલિડ વેસ્ટની કંપની ચલાવનાર ફની ત્રિવેદીએ કહ્યું કે...

# સફળતાને ક્યારેય આર્થિક માપદંડથી જ ન માપવી જોઈએ

## જીએનએલયુમાં વિમેન આંત્રપ્રિન્યોરશિપ પર પેનલ ડિસ્કશન યોજાયુ

સિટી રિપોર્ટર
cbamdavad@gmail.com

ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી દ્વારા ગઈકાલે 'ધ અપ્રોચ્યુનિટિ એન્ડ ચેલેન્જ ફોર વિમેન આંત્રપ્રિન્યોર્સ ઈન ઈન્ડિયા' વિષય પર પેનલ ડિશક્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉદ્યોગ ક્ષેત્રે સક્સેસ મેળવનાર વિમેન આંત્રપ્રિન્યોર્સે પોતાના બિઝનેસમાં સક્સેસ થવાના ફંડા અને બિઝનેસમાં આવેલા ચેલેન્જ વિશે વાત કરી હતી.

સોલિડ વેસ્ટ મેનેજમેન્ટની વેસ્ટએંગેજ કંપની સક્સેસફુલ ચલાવી રહેલા ફની ત્રિવેદીએ કહ્યું કે, 'જ્યારે મારી સ્ટડી પુરી થઈ ત્યારે મેં વિચાર્યુ કે મારે જીવનમાં આગળ વધવા માટે કંઈક અલગ કરવું છે તે જ દરમિયાન કોર્પોરેશન દ્વારા કચરાનો નિકાલ કરવાની પ્રદ્ધતિ વિશે જાણ્યું ત્યારે મને વિચાર આવ્યો કે હવે મારે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ ક્ષેત્રે જ કંપની બનાવીને આગળ વધવું છે. જ્યાંથી મારી કંપનીના પાયા નખાયા.

ઘણા લોકો મને સવાલો કરતા હોય છે કે તમે આ ક્ષેત્રેમાં કેટલા પૈસા કમાયા ત્યારે હું તેમને કહું છું કે સફળતા ક્યારેય આર્થિક માપદંડોથી ન મપાય. મને જ્યારે યુનાઈટેડ નેશન દ્વારા સોલિડ વેસ્ટ અંગે વિચારો શેર કરવા આમંત્રણ અપાયું ત્યારે મારા માટે આર્થિક સક્સેસ કરતા આ બહુ મોટુ એચિવમેન્ટ કહી શકાય.'

### પુરુષોના અહમવાળા ફિલ્ડમાં મહિલાઓ કરે છે સંઘર્ષ



ફની ત્રિવેદીએ મહિલાઓને બિઝનેસમાં આવતા ચેલેન્જ વિશે વાત કરતા કહ્યું કે, ' મહિલાઓ જ્યારે પુરુષના આધિપત્યવાળા ક્ષેત્રેમાં આગળ વધે છે ત્યારે પુરુષનો અહમ તેમના વિકાસની વચ્ચે આવે છે જેના કારણે તેઓની સાથે ભેદભાવ ભર્યુ વર્તન થાય છે. આથી પુરુષોના અહમવાળા ક્ષેત્રોમાં મહિલાઓ પોતાની જાતને સાબીત કરવા માટે સંઘર્ષ કરે છે.'

Scanned by CamScanner